# –: કલામે મુફીદ :–

➔ મૌલાના અલી (અ.સ.) ફરમાવે છે કે, બે ખસ્લતો (આદતો) માં હું કોઈને ભાગીદાર બનાવતો નથી. (૧) વુઝૂમાં, સબબ કે તે મારી નમાઝ વાસ્તે છે અને (૨) સદકામાં, સબબ કે તે મારા હાથમાંથી સાઈલના હાથમાં જાય જે હકીકતમાં અલ્લાહના હાથમાં ગયા બરાબર છે અને સાઈલ તો અલ્લાહ તરફથી રેહમત લઈને આવે છે.

➔ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, બે અમલનો સવાબ અલ્લાહતઆલા બંદાને ફૌરન અતા કરે છે.

(૧) રિશ્તેદારો સાથે મોહબ્બતથી પૈશ આવવું અને

(૨) મઝલૂમ-મજબૂરની મદદ કરવી.

અને બે અમલનો અઝાબ પણ ફૌરન મીલે છે.

(૧) સગા-રિશ્તેદારો સાથે વેહવાર તોડી નાખવો.

(૨) કમ્ઝૌર પર ઝુલ્મો સિતમ કરવો.

➔ દામન તંગ છે, વક્ત ઘણો કમ છે, મેહનતની દરકાર છે, બગીચામાં ફૂલો બેશુમાર છે, તેની તાઝગી અને ખુશ્બૂથી દિલ એ તરફ ખેંચાઈ છે તો જલ્દીથી વધારેમાં વધારે ફૂલોને ચુની લઈ દામનમાં ભરી દઈએ, તે પહેલા કે વક્ત હાથમાંથી નીકલી જાય.

આ વાતનો મફહૂમ એ છે કે જેટલી વધારે નેકી થઈ શકે તેટલી નેકી કરી લો. ઝિંદગીના અય્યામ ઘણા કમ છે, વકતનો કોઈ ભરોસો નથી, કઈ સૂરતમાં મૌત આવી પહોંચે એની કોઈ ખબર નથી, ક્યા વક્ત પર શું થાશે તેની કોઈ ખાતરી નથી, આ દુનિયામાંથી કઈ હાલતમાં જાવાનું થાશે તે કહેવું કોઈના બસની વાત નથી, તો પછી અય ખૌફે ખુદા રાખનાર બંદા ! તું જલ્દી કર, જલ્દી કર, નેક કામ કરવામાં તાખીર કે ગફલત ન કર ! ★